# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) PUC સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા રાજ્યના પાંચ જીલ્લાઓમાં PUCC સોફ્ટવેર 2.0 આવતીકાલથી અમલમાં મુકાશે.
2) રાજ્યના શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત 316 ટન કચરાનો નિકાલ કરાયો.
3) રાજ્યમાં આજથી બીજા તબક્કાના તમાકુમુક્ત યુવા અભિયાનનો પ્રારંભ થયો
4) દક્ષિણ ભારતના જાણિતા યાત્રાધામોના દર્શન માટે IRCTC વિશેષ ટ્રેનો દોડાવાશે.
5) સુરતના કારખાનામાં લાગેલી આગમાં 14 રત્નકલાકાર દાઝ્યા- બે ગંભીર.
6) દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ આવતીકાલે ભારે વરસાદની આગાહી..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PUC NIYAM

**માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા રાજ્યના આણંદ, બારડોલી, જુનાગઢ, જામનગર અને મહેસાણા જિલ્લામાં આવતીકાલથી પીયુસીસી સોફ્ટવેર 2.0 અમલમાં મુકાશે.** આ મોબાઈલ એપ્લિકેશનથી પીયુસી કેન્દ્રો દ્વારા વાહનચાલકોને પીયુસી પ્રમાણપત્ર એનાયત કરાશે. તેમજ પીયુસી કેન્દ્રના 30થી 40 મીટરની ત્રિજ્યામાં જ પીયુસી પ્રમાણપત્ર અપાશે.

વાહનોના નોંધણી નંબર પ્લેટનો ફોટો, વાહનનો પીયુસી કેન્દ્ર સાથેનો ફોટો અને વાહનનો 4-5 સેકેન્ડનો નાનો વીડિયો બનાવી પીયુસીસી 2.0 સૉફ્ટવેરમાં અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ જ પીયુસી કેન્દ્રો સંબંધિત વાહનોનું પીયુસી પ્રમાણપત્ર આપી શકશે.

ઉલ્લેખનીય છે કે, **મંત્રાલયે** પીયુસી એટલે કે, પૉલ્યુશન અંડર કન્ટ્રોલ પ્રમાણપત્ર જાહેર કરવાની વ્યવસ્થાને “પીયુસીસી સોફ્ટવેર વર્ઝન 2.0”થી અદ્યતન કરી છે.

# GUJ. SWACHHTA HI SEVA

રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શહેરી વિસ્તારોમાં અત્યાર સુધીમાં 315 ટન કચરાનો નિકાલ કરાયો છે.

રાજ્યની આઠ મહાનગરપાલિકા અને 157 નગરપાલિકામાં સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવામાં આવી. થીમ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હાઇવેની સાફ સફાઇમાં કુલ 99 હજાર 934થી વધુ નાગરિકે સફાઇ ઝુંબેશમાં જોડાઇને એક કરોડ 86 હજાર 283 કલાકનું શ્રમદાન કર્યું. તેમજ કુલ બે હજાર 350 વધુ કચરો ધરાવતા સ્થળોની પણ સફાઇ હાથ ધરવામાં આવી.. જ્યારે કુલ એક હજાર 873 મુખ્ય રસ્તાઓ, 751 બજાર વિસ્તાર, બે હજાર 823 વ્યવસાયિક વિસ્તાર, પાંચ હજાર 272 રહેણાંક વિસ્તારમાં સફાઇ હાથ ધરવામાં આવી..

વધુમાં, આ ઝુંબેશ હેઠળ કુલ એક હજાર 447 જાહેર શૌચાલયની સફાઇ કરવામાં આવી.. તેમજ કુલ 80થી વધુ સ્વચ્છતાના શેરી નાટકનું આયોજન કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# SAFAI ABHIYAN- DIST.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી..

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામે સામૂહિક સફાઈ અભિયાન યોજાયું. આ કાર્યક્રમમાં ગામના સફાઈ કર્મીઓનું સન્માન કરવામાં આવ્યું તેમજ મેડિકલ કેમ્પ યોજી સફાઈ કર્મીઓના સ્વાસ્થ્યની દરકાર કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લાના માંડવીની સખી મંડળની બહેનોએ માનવ સાંકળ બનાવીને લોકોને એકસાથે  સ્વચ્છતાના મહાઅભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે પણ માનવ સાંકળ રચીને સૌને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટેનો સંદેશો આપ્યો હતો.

પંચમહાલ ગોધરા નગરપાલિકાની ટીમ દ્વારા શહેરી વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ રોડની બહાર તથા હોસ્પિટલની અંદર તેમજ આસપાસના રોડની સાફ સફાઇ કરવામાં આવી હતી. ગોધરા કોર્ટ પરીસરમાં ન્યાયાધીશ, બાર મંડળના વકીલો, સરકારી વકીલો, સહિતના લોકો સ્વચ્છતા ઝુંબેશમાં જોડાય હતા.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કુકરવાડા તેમજ મોતીપુરા ગામે સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઈ કરાઈ તો બહુચરાજી ખાતે બહુચર માતાજીના મંદિરમાં સાફ સફાઈ કરવામાં આવી.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના રાણીફળિયા ગામે આવેલી સારિયા ફળિયા વર્ગ શાળામાં સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાની

ગણદેવી, બીલીમોરા અને નવસારી નગરપાલિકાઓમાં રાત્રિ સફાઇ કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગરના સરોડી ગામે જાહેર સ્થળોએ સફાઇ અભિયાન હાથ ધરાયું હતું.. આ તકે દુકાનદારો, વેપારીઓ તથા સ્થાનિકોને કચરાપેટીનું વિતરણ કરવામાં આવ્યું હતું..

અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે વિવિધ સ્થળો પર સ્વચ્છતા અંગે જાગૃતિ લાવતાં સેલ્ફી સ્ટેન્ડ મૂકવામાં આવ્યા..

અમદાવાદ જીલ્લાના ધોળકાના ઇંગોલી અને ચંડીસર ગામે સાફ સફાઇ કરવામાં આવી..

પાટણ ખાતે પણ સ્વચ્છતા સેલ્ફી પોઇન્ટ બનાવી લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

ભાવનગર શહેર ભાજપ દ્વારા સર ટી. હોસ્પિટલ ખાતે સફાઇ અભિયાન હાથ ધરાયું.

## TOBACCO FREE CAMPAIGN

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આજથી બીજા તબક્કાના તમાકુમુક્ત યુવા અભિયાનનો પ્રારંભ થયો છે. આગામી 23 નવેમ્બર સુધી યોજાનારા આ અભિયાન અંતર્ગત તમાકુમુક્ત શાળા, તમાકુમુક્ત ગામ સહિતના વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંગે અમદાવાદ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. ચિંતન દેસાઈએ જણાવ્યું કે, વિશ્વમાં દરવર્ષે તમાકુના કારણે 80 લાખ લોકાના મોત નીપજે છે અને પરોક્ષ ધુમ્રપાનની અસરથી વિશ્વમાં દર વર્ષે 10 લાખ લોકો જીવ ગુમાવે છે. તેમણે ઉંમેર્યું કે, તમાકુની આદત છોડવી મુશ્કેલ વાત નથી. કોઈ પણ વ્યક્તિ યોગ્ય ઉપચારથી વ્યસનને છોડાવવા માટે ધૈર્યની સાથે ઈચ્છાશક્તિ રાખે તો તમાકુંનું વ્યસન છોડી શકે છે.

દાહોદમાં ખાનગી હોસ્પિટલ અને કોલેજ દ્વારા યોજાયલા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ અંગેના કાર્યક્રમનું કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી પ્રતાપ રાવ જાધવે વર્ચુઅલ ઉદઘાટન કર્યું.

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં જિલ્લા વિકાસ અધિકારીએ તમાકુ નિયંત્રણ જનજાગૃતિ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. દરમિયાન ઉપસ્થિત લોકોએ તમાકુ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તો કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ટોકરખાડા (EM) ખાતે મદદનીશ કલેક્ટર પિયુષ કુમારે તમાકુમુક્ત યુવા અભિયાનનો આરંભ કરાવ્યો. તેમજ યુવાનોને તમાકુના સેવનથી થતા શારિરીક જોખમો વિશે માહિતી આપી.

## GANDHINAGAR EXHIBITION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં ત્રણ દિવસના પાંચમા ડેકોરાઈઝ્ડ 2024 પ્રદર્શનનો પ્રારંભ કરાવ્યો હતો. દરમિયાન શ્રી પટેલે મંડપ હાયરર્સ ઇલેક્ટ્રિકલ એસોસિએશન ગુજરાતના 30મા વાર્ષિક અધિવેશનમાં ત્રણ વ્યક્તિ વિશેષનું લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માન કર્યું હતું.

આ પ્રદર્શનમાં વિવિધ રાજ્યની 250થી વધુ ડેકોરેશન અને ઇવેન્ટ કંપની પોતાની નવીન ઉત્પાદ સાથે ભાગ લેશે. ડેકોરાઈઝ વેલફેર એસોસિએશન અમદાવાદના સહયોગથી યોજાયેલા પ્રદર્શનમાં લગ્ન, વ્યવસાયિક, સરકારી અને ધાર્મિક, સામાજિક પ્રસંગમાં આ નવીન પ્રોડક્ટ અને નવીન ઉત્પાદના ઉપયોગ અંગેનું નિદર્શન લોકોને જોવા મળશે.

## CM- ESZ

ભારત સરકારે ગીર સંરક્ષિત વિસ્તારોની આસપાસના વિસ્તારને પર્યાવરણ માટે સંવેદનશીલ-ઇકો-સેન્સિટિવ ઝોન (ESZ) જાહેર કરવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશ્યલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર વિસ્તારમાં ટકાઉ વિકાસ સાથે સિંહોનું સંરક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે આ પહેલ હાથ ધરાઇ છે.

# VADODRA- I.R.C.T.C.

ભારતીય રેલવે અને આઈ આર સી ટી સી દ્વારા દેખો અપના દેશ અને ભારત ગૌરવ ટ્રેન અંતર્ગત દક્ષિણ ભારતના જાણિતા યાત્રાધામોના દર્શનાર્થે 17થી 27 ઑક્ટોબર દરમિયાન વિશેષ ટ્રેન શરૂ કરાશે.

I.R.C.T.C.ના વરિષ્ઠ નિરીક્ષક પ્રવાસન શુભમ આર્યએ વડોદરા રેલવે સ્ટેશન પર પત્રકાર પરિષદ દરમિયાન આ માહિતી આપી હતી.

શ્રી આર્યએ કહ્યું, ‘યાત્રિઓ રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુણે અને સોલાપુરથી આ ટ્રેનમાં બેસી શકશે. દર્શનાર્થીઓને તિરુપતિ બાલાજી, પદ્માવતિ મંદિર, રામનાથસ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી અને શ્રી પદ્મનાભસ્વામી મંદિરના દર્શન કરવાનો લાભ મળશે.

**(બાઈટ: શુભમ આર્ય, ચીફ સુપરવાઇઝર ટુરીઝમ,**

**IRCTC, અમદાવાદ)**

# BOTAD- AAYUSHMAN BHARAT

બોટાદ જિલ્લામાં રહેતા રત્નકલાકાર માટે આયુષ્માન ભારત યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે. તેમને કર્કરોગ જેવી ગંભીર બીમારી થતાં સરકાર

તરફથી સહાય મળી હતી. તેમણે આયુષ્માન યોજના અંગે પોતાનો પ્રતિભાવ આપ્યો.

**(બાઇટ- ઘનશ્યામભાઇ પરમાર-લાભાર્થી)**

# SURAT AAG UPDATE

સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી એક ડાયમંડ ફેક્ટરીની ગેસ પાઈપ લાઈનમાં અચાનક વિસ્ફોટ થયા બાદ આગ લાગતાં 14 રત્નકલાકાર દાઝ્યા હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી છે. ફાયર બ્રિગેડના કાફલાએ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

અમારા પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, આજે બપોરે બનેલી આ ઘટનામાં ફેક્ટરીની પેન્ટ્રીમાંથી પસાર થતી ગેસ પાઈપ લાઈનમાં ધડાકો થયો હતો. આગની ઝપેટમાં આવતા ગંભીર રીતે દાઝી ગયેલ બે રત્નકલાકારોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટના બની ત્યારે ફેક્ટરીમાં સફાઇની કામગીરી ચાલી રહી હતી. હીરા ઉપરની ધૂળ સાફ કરવા માટે આ ગેસ લાઈનનો ઉપયોગ કરાતો હતો.

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત અને તાપી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં 32 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ, વલસાડ અને ચીખલી તાલુકામાં સૌથી વધુ એક ઇંચ વરસાદ વરસ્યો

છે. જ્યારે આ સિવાયના તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 126 ટકા વરસાદ ખાબક્યો છે.

હાલમાં રાજ્યમાં 154 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને આઠ બંધ ચેતવણી પર રાખવામાં આવ્યા છે.

વલસાડના અમારા પ્રતિનિધી નવીન પટેલ જણાવે છે કે, વલસાડ તાલુકામાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ વિસ્તારમાં મેઘ મહેર જોવા મળતા ડાંગરના પાક ઉપર નભતા ખેડૂતોને વરસાદ આશીર્વાદ રૂપ નીવડશે તેમ તેઓ જણાવી રહ્યા છે.

તો સાબરકાંઠા જિલ્લાના ઈડર, વડાલી, ખેડબ્રહ્માના વિસ્તારમાં છુટાછવાયા વરસાદી ઝાપટા વરસ્યા હોવાના અહેવાલ છે.